## (૧) <u>કલમ – ૪ (૧) (બી) :– સંસ્થાના કાર્યો અને ફરજોની વિગતો</u> :–

સુરત શહેરના અઠવા ઝોનનાં વેસુ વિસ્તારમાં વેસુ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવેલા બીજે માળે આવેલી આ પ્રયોગશાળાની મુખ્ય કામગીરી નીચે મુજબ છે.

- ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા ધી ફુડ, સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ, ૨૦૦૬ ની જોગવાઈ મુજબ સુરત શહેર વિસ્તારમાંથી લેવાયેલા ખોરાકનાં નમુનાઓનું પૃથ્થકરણ અહી કરવામાં આવે છે. તેનાં પરિણામો ડેઝીગ્નેટેડ ઓફિસરશ્રી અને ડે.કમિશ્નરશ્રી (હે. અને હો.)ને મોકલવામાં આવે છે.
- ખાનગી વેપારીઓ ઉત્પાદકો સંસ્થાઓ તેમને ત્યાં વેચાતા, બનતાં કે અપાતાં ખાદ્ય નમુનાઓની તપાસ અહી નિયત કરેલ ફી ભરી કરાવે છે. તેનાં પરિણામો જે તે વેપારીઓ/ઉત્પાદકો/સંસ્થાઓને આપવામાં આવે છે.
- જાહેર જનતા, ઉત્પાદક, વેપારી કે સંસ્થા પીવાના પાણીની તપાસ નિયત ફી ભરી અત્રે કરાવે છે. ઈન્ડીયન સ્ટાન્ડર્ડના ધોરણો મુજબ તપાસ કર્યા બાદ તેઓને પરિણામની જાણ લેખિતમાં કરવામાં આવે છે.
- શહેરમાં અપાતાં પીવાના પાણીમાં ફરિયાદ આવતાં સેનેટરી ઈન્સ્પેકટરો, ફૂડ સેફટી ઓફિસરો મારફત લેવાયેલાં પાણીનાં નમુનાઓનું અગ્રતા ધોરણે અત્રે પ્રારંભિક આંશિક પૃથ્થકણ કરવામાં આવે છે અને તેના રીઝલ્ટની જાણ જરૂરી કાર્યવાહી માટે મેડીકલ ઓફિસર ઓફ હેલ્થને કરવામાં આવે છે.